ડીસાનાં ભાચરવા ગામે હત્યા હત્યારા વેટરનરી ડોકટરની ધરપકડ

ડીસા, તા.૭

ડીસા તાલુકાના ભાચરવા ગામે સામાન્ય તકરારે એક શિક્ષિત એવા વેટરનરી તબીબે આવેશમાં આવી એક બકરા ચરાવતા ગ્રામીણ વ્યકિતની હત્યા કર્યાનો મામલો પ્રકાશમાં આવેલ છે. અને હત્યા કરી નાશી છુટેલા તબીબને ઝડપી પાડી જેલ હવાલે કરેલ છે.

બનાસકાંઠાના ડીસા પંથકમાં મર્ડર જેવા ગંભીર ગુનાઓ અને તેપણ સામાન્ય તકરારમાં બનવાના બનાવો વધવા પામ્યા છે. ડીસા તાલુકાના કુચાવાડા ગામે તાજેતરમાં ડ્રગ ડીલર સાથે સામાન્ય તકરારે હત્યા કરી ઝડપાયેલા હત્યારા દેવીપુજકને હત્યા માટે કોઈ કારણ ના હોવા છતાં તેને હત્યા કરતા જેલ હવાલે કરાયો હતો ત્યારે આજે પુનઃ એક નવી હત્યાનો મામલો પ્રકાશમાં આવેલ છે. જેમાં એક સરકારી વેટરનરી તબીબે પોતાની ગાડી લઈ જતી વખતે રસ્તામાં બકરા આવતા તેણે બસ આ સામાન્ય બાબતે ઉશ્કેરાઈ બકરા ચરાવનાર ગ્રામીણની હત્યા કરી નાખતા ચકચાર મચેલ છે. આ હત્યાની પોલીસ તપાસમાં બહાર આવેલી વિગતો એવી છે કે ડીસાના ઝેરડા ગામે સરકારી વેટરનરી તબીબ તરીકે નોકરી કરતા મહેન્દ્રસિંહ ચૌહાણ આજે કોઈક ખેડૂતનું પશુ બિમાર પડતાં પોતાની બંધ બોડીની જીપ લઈ વિજીટે રવાના થયા હતા જે દરમિયાન ભાચરવા ગામની સીમ પાસેના એક નેળીયામાં તેમની જીપ વચ્ચે બકરા ચરાવતા સ્થાનિક પશુ પાલક ધારજી જકશીજી રહે. ભાચરવા વાળાનું એક બકરું વચ્ચે આવેલું જેથી આ તબીબે ઉશ્કેરાઈ પશુપાલકને ઠપકો આપતા દોડી આવેલા પશુપાલકે પોતાનું બકરું જીપ વચ્ચેથી લઈ રસ્તો ખુલ્લો કરેલ જો કે તે બાદ પોતાની વિઝીટ પતાવી પરત ફરતા આ વેટરનરી ડોકટર તે બાદ સ્થાનિક પશુપાલક દારજી જકશીજી પાસે આવ્યો હતો. અને માત્ર બકરા દુર કરવાની ઉભી થયેલી આ સામાન્ય અદાવતમાં સ્થાનિક પશુપાલક ધારજી જકશીજી પર લોખંડની પાઈપ જેવા હથિયારથી અનેક જીવલેણ ફટકા મારી ઘટના સ્થળે જ ધારજી જકશીજી ઠાકોરની ઘાતકી હત્યા કરી નાખી હતી. પોતાના પિતાને બચાવવા વચ્ચે પડેલા તેના પુત્ર નરસિંહને પણ આ તબીબે માર મારી ઈજા કરી હતી અને તે બાદ તે જતો રહ્યો હતો. આ ઘટનાની ડીસા તાલુકા પોલીસ ઈન્સ્પેકટર આર.એમ. ભદોરિયાને જાણ થતા તેમણે લાશનો કબજો સંભાળી તેનું પી.એમ. કરાવ્યું હતું અને હત્યારા તબીબી વિરુધ્ધ ખુનનો ગુનો દાખલ કર્યો હતો.



વડગામમાં ભેદી બિમારીથી ૩ માસૂમ બાળકોના મોત : એક ગંભીર

પાલનપુર, તા. ૭

બનાસકાંઠાના વડગામમાં ગતરોજ બપોરના સુમારે ખુલ્લામાં રમતા બાળકો એકાએક પડી જવાથી પેટમાં દુખાવાની ફરિયાદ બાદ સારવાર અર્થે પરિવારજનો દ્વારા દવાખાને લઈ જવાયા હતા. જ્યાં બે બાળકોના ભેદી રીતે મોત થયા હતા, જ્યારે બે બાળકો ગંભીર હોવાનું જાણવા મળ્યું હતું. જેમાં વધુ એક બાળકનું પણ મોત થયું હતું.

વડગામ દવાખાના પાછળ ખુલ્લા મેદાનમાં માટીમાં રમતા બાળકો પૈકી નિહાર દિપકભાઈ પુરબીયા ઉં.વ. ૧૫ અને રોનકબેન પુરબીયા ઉં.વ. ૧૮ ના રમતા-રમતા નીચે પડી ગયા હતા. બાદમાં વધુ ખાવાની ફરિયાદને લીધે મોતને ભેટ્યા હતા. જ્યારે આ બાળકો સાથે રમતા અન્ય બે બાળકોને પણ પેટમાં દુખાવા થતા વધુ સારવાર અર્થે અમદાવાદ અને પાલનપુર ખાતેની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ભેદી મોતના પગલે તંત્ર દોડધામ મચી ગઈ છે અને સાચુ કારણ શોધવા કામગીરી આરંભી છે.

લક્ષ્મીપુરા ગામની ઉત્તરે આવેલ પ્રાચીન નિલકંઠ મહાદેવ મંદિર પરિસરમાં શ્રાવણની ફલકશ્રુતિ મુજબ તા. ૭-૯-૧ ૩ના રોજ લઘુરૂદ્ર હોમ તથા ગ્રામ્યજનો-ભક્તોને બ્રહ્મભોજન આપવામાં આવ્યું હતું. પ્રત્યેક ભાવિક ભક્તોએ હર હર ભોલેના નાદથી તથા ઓમ નમઃ સિવાયના ગુંજારવથી વાતાવરણને દેદિપ્યમાન બનાવ્યું હતું. શ્રાવણ જલ બરસે, સુંદર સરસે બાદલ ભરસે અંબરસે....પણ આ વર્ષે શ્રાવણ પહેલાં વર્ષા મન મુકીને વરસેલ તેથી હરિયાળીના આહ્લાદક વાતાવરણ વચ્ચે સૌ ભક્તોએ ગણેશોત્સવ તરફ પ્રયાણ કરી ધન્યતા અનુભવી હતી. (તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર, લક્ષ્મીપુરા)

પ્રાંતિજ ખાતે વીમા સપ્તાહ ઉજવાયું

ભારતીય જીવનવીમા નિગમના ૫૭મા વર્ષમાં પ્રવેશ પ્રસંગે ૮ ૩-જે પ્રાંતિજ શાખામાં વીમા સપ્તાહને અનુલક્ષી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦ થી વધારે વીમા ધારકો ઉપસ્થિત રહ્યા હતા. આ વીમા સપ્તાહના ભાગરૂપે પ્રાંતિજ શાખા ખાતે જરૂરિયાતમંદો માટે મેડીકલ કેમ્પ, બાળકો માટે નિબંધ સ્પર્ધા ચિત્ર સ્પર્ધા યોજી રેલી કાઢવામાં આવી હતી. જ્યારે સમગ્ર કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહાનુભાવો પ્રણામીભાઈ, નિનામાભાઈ ખાનમાભાઈ, આ.પ.સ. સંસ્થાના મંત્રી કાળુસિંહ રાઠોડ સહિત એલ.આઈ.સી.ના પ્રતિનિધિ બળળદેવભાઈ, બાબુભાઈ ગોસ્વામી કસ્તુરભાઈ ડાહ્યાભાઈ પટેલ સહિત અનેક અગ્રણીઓએ વીમા ક્ષેત્રની વિવિધ ઉપયોગી માહિતી વીમા ગ્રાહકોને આપી હતી.

પ્રાંતિજના મહાદેવપુરા ગામે બળદે શિંગડુ મારતા આધેડનું મોત

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકામાં સ્થિત મહાદેવપુરામાં રહેતા અને ખેત મજૂરી કરતા ૫૦ વર્ષીય આધેડને આજે એક બેકાબુ બનેલા બળદે શિંગડુ મારતા આધેડ માર્ગમાં મોતને ભેટ્યા હતા.

પ્રાંતિજ તાલુકાના મહાદેવપુરા ગામે રહેતા અને છેલ્લા ઘણા સમયથી ખેતી કરી પોતાનું ગુજરાન ચલાવતા કુબેરસિંહ સોમસિંહ પરમાર પોતાના ખેતરમાં કામ કરતા હતા દરમિયાન તેઓ બહાર નિકળતા માર્ગ પાસે બેકાબુ બનેલા એક બળકે ખેડૂતના પેટના ભાગે શિંગડુ મારતા ખેડૂત લોહી લુહાણ થયો હતો જેથી તાત્કાલિક સારવાર અર્થે લઈ જવાયા હતા. પરંતુ તબીબી સારવાર મળે તે પહેલા આધેડનું મોત થવા પામ્યું હતું. જે ઘટનાના પગલે પરિવારજનો સોકમગ્ન બન્યા હતા.

બનાસકાંઠા જિલ્લા પંચાયતની આજે સામાન્ય સભા પ્રમુખ રાજેન્દ્રભાઈ જોષીના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં ૧૧ જેટલા વિકાસકાર્યોને બહુમતીથી મંજુર કરાયા હતા જેમાં નરેગાના કાર્યોને પણ બહાલી આપવામાં આવી હતી. (તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

થરાદમાં મધરાતે પોલીસે પાંચ જુગારીયા પકડ્યા : બે ફરાર

ડીસા, તા. ૭

થરાદ-ધાનેરા ત્રણ રસ્તા પાસે આવેલી એક હોટલમાં શ્રાવણીયો જુગાર રમતા પાંચ ઈસમોને થરાદ પોલીસે બુધવારે રાત્રે સાડાબાર વાગે ઝડપી લઈ જેલના સળીયા પાછળ ધકેલી દીધા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ થરાદ-ધાનેરા ત્રણ રસ્તા આગળ આવેલી તિરંગા હોટલની પાછળ બુધવારની રાત્રે ૧૨ વાગ્યાના સુમારે કેટલાક ઈસમો જુગાર રમતા હોવાની બાતમી મળતાં પી.એસ.આઈ. એચ.એન. રાઠોડ સહિતની પોલીસ ટીમે રેડ પાડી જુગારીયા ટોળકીને ઘેરી લીધી હતી. જેમાં બે ઈસમો અંધારાનો લાભ લઈ છટકી ગયા હતા જ્યારે અમરતભાઈ પ્રભુજી રાઠોડ (વખારવાસ, થરાદ), રૂપસિંહ સવદાસ પટેલ (ભડોદરા તા. થરાદ, ઈશ્વરભાઈ પીરાજી વાણીયા (વખારવાસ, થરાદ), સુરેશ જેઠાજી ભાટી (અંબિકાનગર, થરાદ), નારણજી ભીખાજી રાજપુત (સોલંકીવાસ, વાસ) ને રૂ. ૨૫૦૦ની કિંમતના મોબાઈલ અને રૂ. ૧૨૭૦૦નો મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો. આમ બુધવારની મધરાતે પોલીસની ટીમે પાંચ જુગારીયાઓને ઝડપી લઈ જેલ હવાલે કરતા જુગારીયા અને ક્લબ સંચાલકોમાં ફફડાટની લાગણી પેદા થવા પામી છે.

સમગ્ર ડીસા શહેરમાં ગણપતિ મહોત્સવને લઈ તડામાર તૈયારી શરૂ

ડીસા, તા. ૭

ગણેશ મહોત્સવને લઈને પ્રજામાં અનેરો આનંદ છવાઈ ગયો છે. હવે ગણપતિ દાદાને મનગમતા પર્વ આડે એક દિવસ જ ત્યારે ભાવિક ભક્તો દ્વારા આવનાર ગણપતિ મહોત્સવને વધાવવા અને આનંદ-ઉમંગભેર ઉજવણી કરવા માટે તડામાર તૈયારી આરંભાઈ ચુકી છે. જ્યાં કેટલાક સ્થળો વિશાળ સામિયાણા અને રંગ બેરંગી સિરીજો લગાવવામાં આવી રહી છે. જે અંતર્ગત ડીસાના તેરમીનાળા વિસ્તારમાં નવનિમિત મંદિરમાં શ્રી તેરલાગ કેશની ગણપતિ દાદનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને શનિવારથી પ્રારંભ થઈ ચુક્યો છે.

જેમાં શનિવારે સવારે યજ્ઞ પ્રારંભ રવિવારના રોજ સાંજે ચાર કલાકે દાદા સમગ્ર નગરની નગર ચર્ચા માટે જળયાત્રા સ્વરૂપે પ્રદક્ષિણા કરી બાદમાં નિજ મંદિરે પરત ફરશે અને રાત્રે ડાયરાનું આયોજન કરાયું છે. સોમવારે એટલે ગણેશ મહોત્સવના પ્રથમ દિને બપોરે ૧૨:૩૯ના વિજ મુહુર્તે વાજતે ગાજતે દાદની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરાશે. આ પાવન અવસરમાં પ્રતિષ્ઠા આચાર્ય પદે દેવેન્દ્રભાઈ શુકલા અને નારણભાઈ ઓઝા રહેશે. આ પાવન પ્રસંગમાં તેરમીનાળા નવ યુવક મિત્ર મંડળ તથા દાતાઓ દ્વારા ભાવભીનું આમંત્રણ છે.

સાથે સાથે સમગ્ર ડીસા શહેરમાં પણ ગણપતિ મહોત્સવને લઈને તડામાર તૈયારીઓ થઈ રહી છે. જેમાં ઠેર ઠેર ડી.જે. સાઉન્ડ સાથે ગરબા, વિઘ્ન હર્તાની વિવિધ દક આકાર અને કલાત્મક મનમોહક મૂર્તિઓ અને તેમની વિશેષ વિશેષ સેવા પ્રજાનું પણ ભાવિક ભક્તો દ્વારા આયોજન કરાયું છે.



ઉત્તર ગુજરાતના બજાર ભાવો

તલોદ

એરંડા	૭૧૩	૭૨૩
ઘઉં	૩૦૮	૩૫૨
બાજરી	૨૨૦	૨૯૪
ગવાર	૧૧૦૦	૧૪૩૧
મગ	૫૫૦	૬૨૫

સલાલ

મગફળી	૬૧૦	૭૦૦
ઘઉં	૩૧૦	૩૩૫
બાજરી	૨૦૫	૨૫૦
ડાંગર જ્યા	૩૦૫	૩૩૦

પ્રાંતિજ

એરંડા	૬૮૦	૭૦૦
ઘઉં	૩૦૦	૩૪૦
બાજરી	૨૪૦	૨૬૪
ડાંગર જ્યા	૩૦૫	૩૩૧

ધનસુરા

એરંડા	૭૦૦	૭૧૫
મકાઈ	૩૦૦	૩૩૦
ઘઉં	૩૧૦	૩૩૫
બાજરી	૨૪૦	૨૭૫
ગવાર	૧૨૫૦	૧૪૪૦

મોડાસા

એરંડા	૭૦૯	૭૨૧
બાજરી	૨૫૦	૨૭૭
મકાઈ	૨૭૦	૨૯૫
ઘઉં	૩૧૦	૩૫૮
ગવાર	૧૨૨૬	૧૪૩૨
ચણા	૫૦૦	૫૫૬
જુવાર	૨૫૦	૨૬૧
મેથી	૪૦૦	૫૦૧

ટીંટોઇ

એરંડા	૬૮૧	૬૮૮
મકાઈ	૨૮૦	૩૧૩
ઘઉં	૩૦૦	૩૩૬
મગફળી	૫૫૦	૫૮૫
ગવાર	૧૩૫૦	૧૪૭૬

દહેગામ

બાજરી	૨૫૫	૨૮૦
ઘઉં	૩૧૭	૩૨૫
ડાંગર	૨૬૫	૩૦૦
એરંડા	૭૧૦	૭૧૪
ગવાર	૧૨૫૦	૧૫૫૧
મકાઈ	૨૪૦	૨૮૦
તુવેર	૫૧૦	૬૦૫
જુવાર	૨૬૦	૩૬૩
રાયડો	૫૨૦	૫૭૦

રખિયાલ

બાજરી	૨૫૦	૨૭૫
ઘઉં	૩૧૦	૩૨૦
ડાંગર	૨૬૦	૨૯૦
એરંડા	૭૦૫	૭૧૨
ગવાર	૧૨૦૦	૧૫૦૦
મકાઈ	૨૩૦	૨૭૦
તુવેર	૫૦૫	૬૦૦
જુવાર	૨૫૦	૩૬૦
રાયડો	૫૧૦	૫૬૦

હિંમતનગર

મગફળી	૩૦૦	૬૨૪
એરંડા	૭૧૦	૭૨૭
ઘઉં	૩૧૫	૪૧૫
બાજરી	૨૧૧	૨૫૧
મકાઈ	૨૮૦	૩૦૭
ગવાર	૧૧૦૦	૧૪૮૦

કડી

ઘઉં	૨૯૭	૩૩૯
ડાંગર	૨૨૦	૨૮૦
ગવાર	૧૨૧૧	૧૪૬૬
એરંડા	૭૦૦	૭૧૨
રાયડો	૫૯૯	૬૦૮

સિદ્ધપુર

રાયડો	૫૮૦	૬૩૧
એરંડા	૬૯૩	૭૩૬
ગવાર	૧૧૪૦	૧૪૮૪
ઘઉં	૩૦૩	૩૬૮
બાજરી	૨૦૦	૨૮૩

ઉંઝા

જીરૂ	૨૦૪૦	૨૭૦૩
વરીયાળી	૯૪૧	૨૦૫૩
ઈસબગુલ	૧૦૬૧	૧૪૮૩
સરસવ	૫૭૧	૭૦૫
રાયડો	૫૮૨	૬૪૭.૨૫
તલ	૧૯૪૫	૨૧૧૦

વિસનગર

ઘઉં	૩૦૫	૩૬૮
બાજરી	૨૨૦	૩૨૦
રાયડો	૬૦૦	૬૩૭
એરંડા	૬૯૦	૭૩૦.૫૦
જુવાર	૨૫૦	૬૨૫
મગ	૮૬૧	-
ગવાર	૧૧૫૦	૧૪૭૦
રજકાના બી	૧૧૫૦	૨૬૦૦

મહેસાણા

ઘઉં	૩૦૫	૩૪૯
જીરૂ	૨૩૨૬	૨૪૩૩
એરંડા	૬૯૫	૭૨૫
મેથી	૫૧૮	-
સવા	૬૫૦	૬૮૧
વરીયાળી	૧૦૫૦	-
બાજરી	૨૧૫	૨૯૩
રાયડો	૫૨૨	૬૧૧
અજમો	૫૯૨	૯૦૪
ગવાર	૧૨૦૦	૨૪૨૫
રજકાબી	૧૩૦૦	૨૮૦૦

આંબલીયાસણ

ઘઉં	૨૮૦	૩૧૨
બાજરી	૨૨૯	૨૬૧
રાયડો	૬૦૯	૬૧૪
એરંડા	૬૧૦	૬૧૫
ગવાર	૧૩૬૯	-

જોટાણા

ઘઉં	૩૧૮	-
એરંડા	૭૦૭	૭૧૬
રાયડો	૫૯૪	-
ગવાર	૧૩૫૦	૧૩૮૧

હારીજ

રાયડો	૬૨૧	૬૬૫
એરંડા	૬૯૦	૭૧૫
બાજરી	૨૨૫	૨૬૪
ઘઉં	૨૯૨	૩૩૩
ગવાર	૧૧૦૦	૧૪૦૧
મગ	૭૦૦	૯૬૫
ચણા	૫૨૫	૬૨૧
જીરૂ	૨૧૨૫	૨૫૦૦
સાસટો	૨૮૦	૩૭૦
સવા	૬૨૫	૬૮૭
બંટી	૨૮૦	-
મેથી	૫૮૦	-

બાયડ

એરંડા	૬૮૦	૭૦૫
ઘઉં	૨૮૦	૩૧૫
બાજરી	૨૪૦	૨૬૫
મકાઈ	૨૬૫	૨૯૫
ગવાર	૧૧૦૦	૧૪૫૦

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સરદાર પટેલ માર્કેટ-અમદાવાદ

શાકભાજી	ઓછો ભાવ	વધુ ભાવ
બટાટા પંજાબી	-	-
બટાટા દેશી	૧૩૦	૨૩૦
બટાટા ડીસા	૧૮૦	૨૭૦
ડુંગળી સૌરાષ્ટ્ર	-	-
ડુંગળી મહારાષ્ટ્ર	૮૦૦	૯૦૦
સીંગણ	૧૦૦	૨૪૦
રવૈયા	૨૦૦	૩૦૦
કોબીજ	૨૪૦	૩૪૦
ફુલાવર	૨૦૦	૩૨૦
ટામેટા પાકા	૨૦૦	૩૬૦
દૂધી	૮૦	૧૬૦
કાકડી	૧૨૦	૩૦૦
ગીલોડા	૨૦૦	૪૫૦
મરચાં દેશી	૨૦૦	૫૦૦
લીંબુ	૨૦૦	૪૦૦
આદુ	૮૦૦	૧૩૦૦
બીટ	૧૦૦	૧૬૦
ગાજર	૨૦૦	૩૦૦
મરચા ધોલાર	૫૦૦	૬૪૦
કોથમીર	૨૦૦	૪૦૦
કારેલા	૧૬૦	૩૦૦
ભીંડા	૧૦૦	૨૬૦
ગવાર	૨૦૦	૪૦૦
ચોળી	૧૨૦	૨૬૦
ગલકા	૮૦	૧૬૦
તુરીયા	૧૦૦	૨૦૦
પરવર	૭૦૦	૮૦૦

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામગ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન